CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો સુદ -૩ | મંગળવાર તા.૧૩-૧૦-૨૦૨૬ | અંક : ૯૫ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# સાઉદી અરેબિયામાં રેડ એલર્ટ, પ્રિન્સને કરાયા બંકરમાં શિફ્ટ

## હૂતિયોના વધતા જોરદાર એટેક વચ્ચે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની સુરક્ષા વધારી દેવાઈ



રિયાધ,

હૂતી વિદ્રોહીઓના વધતા હુમલાઓ વચ્ચે સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન ભારે સુરક્ષાવાળા બંકરયુક્ત મહેલો વચ્ચે સતત સ્થળાંતર કરી રહ્યા છે, એટલે કે તેમનું લોકેશન સતત બદલવામાં આવી રહ્યું છે.

સાઉદીએ મિસાઈલ અને ડ્રોન સંબંધિત માહિતી શેર કરવા પર કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

રિપોર્ટ્સ મુજબ, ૪૧ વર્ષીય ક્રાઉન પ્રિન્સ છેલ્લા લગભગ એક અઠવાડિયાથી જાહેરમાં નથી દેખાયા. દરમિયાન તેઓ બંકરોની સુવિધાવાળા અને કડક સુરક્ષાથી સજ્જ મહેલોમાં છે. 'વોલ સ્ટ્રીટ જર્નલ' દ્વારા તેમની ગતિવિધિઓથી પરિચિત અધિકારીઓના હવાલેથી જણાવવામાં આવ્યું છે કે સાઉદી અરેબિયા અને યમનના હૂતી વિદ્રોહીઓ વચ્ચે વધતા સંઘર્ષ અને સુરક્ષા જોખમોને જોતાં આ પગલું ભરવામાં આવ્યું છે. ક્રાઉન પ્રિન્સની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિશેષ રૂપે પસંદ કરાયેલી એક ટીમ પણ તૈનાત કરવામાં આવી છે.

આ દરમિયાન સાઉદી અરેબિયાએ છ ભાષાઓમાં એક સંદેશ જારી કર્યો છે. સાઉદીએ સ્પષ્ટ કહ્યું છે કે જો કોઈ મિસાઈલ અને ડ્રોનને રોકવાની તથા તેના પડવાની જગ્યાઓ સાથે જોડાયેલી માહિતીનું શૂટિંગ કરશે અથવા તેને શેર કરશે તો તેની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. જે તે વ્યક્તિનીિ ધરપકડ પણ થઈ શકે છે. સાઉદી અરેબિયાએ મે મહિનામાં 'નેશનલ અર્લી વૉર્નિંગ સિસ્ટમ' દ્વારા મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર જોખમ સાથે જોડાયેલા એલર્ટ મોકલવાનું શરૂ કર્યું હતું.

જોકે, છેલ્લા અઠવાડિયે હૂતી વિદ્રોહીઓના હુમલાઓ વધવા થવા છતાં આ સિસ્ટમે કોઈ એલર્ટ જારી નથી કર્યું. દરમિયાન, 'સિવિલ ડિફેન્સ ઓથોરિટી' ખરાબ હવામાન, વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિઓમાં લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપતી રહી છે. સોમવારે પણ આ સંબંધમાં એક એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રપતિએ બદલ્યા છ રાજ્યના રાજ્યપાલ

## ઓમ પ્રકાશ માથુરની કેરલમના રાજ્યપાલ તરીકે નિમણૂક, રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુની જવાબદારી સોંપાઈ

નવી દિલ્હી,

દેશના છ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક અને ફેરબદલ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા છ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક અને ફેરબદલ અંગેની માહિતી જાહેર કરવામાં આવી છે. આ યાદી મુજબ કેરલમ,તમિલનાડુ, સિક્કિમ, ઓડિશા, કર્ણાટક અને ઉત્તરાખંડના રાજ્યપાલોના નામોની જાહેરાત કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ સિક્કિમના વર્તમાન રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરની કેરલમના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. કેરલમના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે બ્રજ મોહન રામની ઓડિશાના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

તેમજ ડૉ. સુધા યાદવની કર્ણાટકના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ડૉ. ઢાલ સિંહ બિસેનની ઉત્તરાખંડના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમજ ઓ.પી. માથુરના સ્થાને દુષ્યંત ગૌતમની સિક્કિમના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

# જમ્મુ કાશ્મીરમાં નિયંત્રણ રેખા નજીક સુરંગ વિસ્ફોટ

## લશ્કરના ટોચના કમાન્ડર મુહમ્મદ ફૈઝાન સહીત ચાર આતંકવાદીઓ માર્યા ગયા, તમામ મંડલા અને મદારપુર વિસ્તારના રહેવાસી

પુંછ,

જમ્મુ કાશ્મીરના પુંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પાર કરી ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ચાર પાકિસ્તાની આતંકવાદીઓ જમીની સુરંગ વિસ્ફોટમાં માર્યા ગયા હતા. આ માર્યા ગયેલા આતંકીવાદીઓમાં લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર મુહમ્મદ ફૈઝાન પણ સામેલ હતો.

આ ઉપરાંત માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ મુહમ્મદ ઈશ્તિયાક, મુહમ્મદ વકાસ અને મુહમ્મદ આસિમ તરીકે કરવામાં આવી છે.

અહેવાલો અનુસાર, તેઓ પીઓકે જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લાની હાજીરા તહસીલના મંડલા અને મદારપુર વિસ્તારોના રહેવાસી હતા.

આ અંગેના અહેવાલો અનુસાર સોમવારે કૃષ્ણા ઘાટી સેક્ટરના સતવાલ-નાકી વિસ્તારમાં વિસ્ફોટ થયો હતો. પાકિસ્તાની તરફના કેટલાક લોકો ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે આ જોરદાર વિસ્ફોટ થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે સતવાલ-નાકી વિસ્તાર લાંબા સમયથી ઘૂસણખોરીના પરંપરાગત માર્ગ તરીકે ઉપયોગમાં લેવાય છે. તાજેતરના વર્ષોમાં આતંકવાદીઓએ પણ આ માર્ગે ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો છે.

# સુપ્રીમમાં રાહુલ સહિતે જ્ઞાનેશકુમાર વિરુદ્ધ કરેલી અરજીમાં ૧૪ ભૂલો

## રાહુલ ગાંધી સહીત વિપક્ષી નેતાઓ અરજી દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટ સુધી કૂચ કરીને પહોંચ્યા હતા

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ સહિત ૧૧ વિપક્ષી નેતાઓ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં લગભગ ૧૪ ખામીઓ દર્શાવી છે. આ અરજી મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનમાં મોટા પાયે નામો હટાવવા અને ગેરરીતિઓના આરોપો સાથે સંબંધિત છે.

સમાચાર એજન્સી PTI અનુસાર, રજિસ્ટ્રીએ અરજી દાખલ કરનાર વકીલ પાસેથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના આઈડી કાર્ડની સ્પષ્ટ નકલ માંગી છે. સાથે જ જણાવ્યું કે રજૂ કરાયેલા દસ્તાવેજોના કેટલાક પાના વાંચી શકાય તેવા નથી. કેટલાક પાના ગુમ છે. કોર્ટ ફી પણ ૨૨૦ રૂપિયા ઓછી જમા કરવામાં આવી છે.૧૨ ઑક્ટોબરે દાખલ કરવામાં આવેલી અરજીમાં ભારતના ચૂંટણી પંચ, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય ચૂંટણી કમિશનરો સુખબીરસિંહ સંધુ તથા વિવેક જોશીને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.રાહુલ ગાંધી અને અન્ય ઘણા વિપક્ષી નેતાઓ સોમવારે અરજી દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટ સુધી કૂચ કરીને પહોંચ્યા હતા. અરજીમાં નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સ્વતંત્ર સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે. તેમાં તકનીકી નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત નાગરિકોને પણ સામેલ કરવાની માંગ છે. આ સમિતિ નિર્ધારિત સમય મર્યાદામાં જૈંઇ દરમિયાન મતદાર યાદીમાંથી દૂર કરાયેલા નામો અને કરવામાં આવેલા ફેરફારોનું સ્વતંત્ર ઓડિટ કરે તેમ આ અરજીમાં કહેવામાં આવ્યું છે.

### રાહુલના ઘરે આજે વિપક્ષી સાંસદોની ચા ઉપર ચર્ચા

આગળની રણનીતિ નક્કી કરવા માટે રાહુલેઆજે મંગળવારે સાંજે તમામ વિપક્ષી સાંસદોને પોતાના સુનહરી બાગ રોડ સ્થિત ઘરે ચા માટે બોલાવ્યા છે. આ દરમિયાન મતચોરી વિરુદ્ધ સંયુક્ત વિરોધ-પ્રદર્શનની રણનીતિ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ પર ચર્ચા થવાની અપેક્ષા છે.

સૂત્રોએ જણાવ્યું કે 'હાઈ ટી' બાદ વિરોધ-પ્રદર્શન અથવા સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ પણ થઈ શકે છે, પરંતુ આ યોજનાની માહિતી હજુ ગુપ્ત રાખવામાં આવી છે.

# સુદાનમાં સોનાની ખાણો પર હુમલો: ૭૨નાં મોત

## સુદાનની સેના અને અર્ધસૈનિક દળ વચ્ચે યુદ્ધમાં મોટી સંખ્યામાં લોકોનાં પ્રાણ ગુમાવવાની ઘટનાઓ વધી

ખાર્તુમ,

ઉત્તર સુદાનમાં એક હવાઈ હુમલામાં નાના પાયે માઈનિંગ કરનારા લગભગ ૭૨ લોકોનાં મોત થયા છે તેમ એક માનવાધિકાર જૂથે એક નિવેદનમાં જણાવ્યું છે.

છેલ્લા કેટલાક મહિનાઓમાં આ પ્રકારની આ બીજી ઘટના છે. માનવાધિકાર સંસ્થા ઈમરજન્સી લોયર્સે આ હુમલા માટે ઈજિપ્તની એરફોર્સને જવાબદાર ઠેરવી છે. જો કે ન્યૂઝ એજન્સીઓએ આ દાવાને સમર્થન આપ્યું નથી.

ઈજિપ્તની સેનાએ આ ઘટના અંગે કોઈ ટિપ્પણી કરી નથી અને ઈજિપ્તનાં વિદેશ મંત્રાલયે પણ આ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપ્યો નથી. સોશિયલ મીડિયા અને સ્થાનિક અધિકાર જૂથો દ્વારા શેર કરવામાં



આવેલા ફોટાઓમાં કાટમાળમાં દટાયેલા મૃતદેહો અને કફનમાં લપટાયેલા અન્ય મૃતદેહો જોવા મળી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ઉત્તર સુદાનમાં નાના પાયે માઈનિંગ કરનારા અને અસ્થાયી સોનાની ખાણોની સંખ્યામાં તાજેતરનાં દિવસોમાં ખૂબ જ વૃદ્ધિ જોવા મળી છે. કારણકે દેશમાં ચાલી રહેલા સંઘર્ષે આજીવિકાનાં અન્ય સ્ત્રોતોમાં અવરોધ ઉભા કર્યા છે અને સોનું બંને પક્ષની તરફથી રોકડનો મુખ્ય સ્ત્રોત બની ગયો છે. નિષ્ણાતો અને આ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે આ સોનાનો મોટો હિસ્સો ઈજિપ્તમાં દાણચોરી કરીને મોકલવામાં આવે છે.સુદાનની સેના અને અર્ધસૈનિક દળની વચ્ચે યુદ્ધમાં મોટી સંખ્યામાં લોકોનાં પ્રાણ ગુમાવવાની ઘટનાઓ વધી છે કારણકે ડ્રોન યુદ્ધનો પ્રાથમિક હિસ્સો બની ગયો છે. સંયુક્ત રાષ્ટ્રનાં જણાવ્યા અનુસાર શુક્રવારે સુદાનનાં બ્લ્યુ નાઈલ રાજ્યનાં સેના નિયંત્રિત વિસ્તારમાં એક વિસ્થાપિત શિબિર પર કરાયેલા ડ્રોન હુમલામાં ૩૧ લોકોનાં મોત થયા છે.

# બેંક ભરતી કૌભાંડ-CBIના ૬ રાજ્યોમાં દરોડા

## ૪ની ધરપકડ :૫ વર્ષ જૂના રેકોર્ડ તપાસ્યા, આંખોના સ્કેનમાં ૧૭૨ નકલી અધિકારીઓ મળ્યા

નવીદિલ્હી,

સીબીઆઈએ બેંક ભરતીમાં પાંચ વર્ષ જૂના ડેટાની તપાસ કરીને નોકરી મેળવનારા નકલી ઉમેદવારોનો ખુલાસો કર્યો છે. પરીક્ષા દરમિયાન એકત્ર કરાયેલા આંખોના સ્કેનદ્વારા છેતરપિંડીથી નોકરી મેળવનારા ૨૫૭ શંકાસ્પદ ઉમેદવારો મળી આવ્યા છે.

આમાંથી ૧૭૨ ઉમેદવારો અલગ-અલગ બેંકોમાં નોકરી કરી રહ્યા હતા. સીબીઆઈ હવે દેશભરમાં અન્ય નકલી અધિકારીઓની શોધમાં લાગી છે. આઈબીપીએસે આ તમામ કાર્યરત લોકો ઉપરાંત અન્ય શંકાસ્પદ ઉમેદવારોને પણ આજીવન પરીક્ષામાંથી ડિબાર કરી દીધા છે.સંબંધિત બેંકોને તેમના સર્વિસ નિયમો હેઠળ કડક કાર્યવાહી કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. હવે તેમની નોકરી જવાની સાથે ધરપકડની તલવાર પણ




લટકી રહી છે. સીબીઆઈએ અત્યાર સુધીમાં ચાર લોકોની ધરપકડ કરી છે, જ્યારે ૧૩૫ લોકોને આરોપી બનાવ્યા છે. આ સંદર્ભે મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર, હરિયાણા અને પશ્ચિમ બંગાળમાં આરોપીઓની ધરપકડ અને કાર્યવાહી કરવામાં આવી છે. મધ્ય પ્રદેશમાં તો આ મામલે તપાસ બાદ ગ્રામીણ બેંકના ૧૯ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

અધિકારીઓએ ૮ ઑક્ટોબરે જણાવ્યું હતું કે ઞ્ૈંની સ્પેશિયલ ટાસ્ક બ્રાન્ચ, મુંબઈએ અનેક રાજ્યોમાં એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી ઈન્સ્ટિટ્યૂટ ઑફ બેન્કિંગ પર્સનલ સિલેક્શનની ફરિયાદના આધારે નોંધાયેલી હ્લૈંઇ બાદ કરવામાં આવી હતી.ઁ્જીએ બેન્ક ભરતી પરીક્ષાઓના ઉમેદવારોના ફોટા અને બાયોમેટ્રિક રેકોર્ડની ફરી તપાસ કરી હતી. તેમાં સામે આવ્યું કે કેટલાક ઉમેદવારોની જગ્યાએ અન્ય લોકોએ પરીક્ષા આપી હતી. ફોટા અને બાયોમેટ્રિક ઓળખમાં તફાવત મળતાં શંકાસ્પદ કર્મચારીઓની ઓળખ કરવામાં આવી હતી.૨૦૨૦થી ૨૦૨૪ સુધીની ભરતી પરીક્ષાઓના રેકોર્ડની ફરીથી તપાસ કરવામાં આવી. આ વખતે પરીક્ષા સમયે લેવામાં આવેલા ઉમેદવારોના આઈરિસ સ્કેન સાથે સરખામણી કરવામાં આવી હતી.

# સૌરવ દાસ અને આશુતોષ રાંકા સુરક્ષા વ્યવસ્થાને ચકમો આપીને ગેટ કૂદી પરિસરમાં દાખલ થતા કરાઈ અટકાયત

## જંતર-મંતર ખાતે કેન્દ્રના આદેશને પડકારતા CJPના વિરોધ પ્રદર્શનકારીઓ

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર દ્વારા જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકેની માન્યતા રદ કર્યાના એક દિવસ બાદ, મંગળવારે વહેલી સવારે 'કોકરોચ જનતા પાર્ટી'ના સ્વયંસેવકોનું એક જૂથ તેના નેતાઓ આશુતોષ રંકા અને સૌરવ દાસના નેતૃત્વમાં ત્યાં પહોંચ્યું હતું.અભિજીત દીપકે જંતર-મંતર ખાતેના એક અચાનક યોજાયેલા વિરોધ પ્રદર્શનનો વીડિયો પોસ્ટ કર્યો, જેમાં CJPના સ્વયંસેવકો વિરોધ કરવા માટે જંતર-મંતર પહોંચવા લોખંડનો ગેટ અને પોલીસ બેરિકેડ ઓળંગતા જોવા મળ્યા હતા.

વિરોધ પ્રદર્શનના વીડિયોમાં, CJPના નેતા રંકા અને દાસ તેમજ કેટલાક સ્વયંસેવકો હાથમાં ધ્વજ લઈને ગેટ કુદીને વિરોધ પ્રદર્શન કરવા માટે તે વિસ્તારમાં પ્રવેશતા જોવા મળે છે. ત્યાં તૈનાત પોલીસે જ્યારે તેમનો પીછો કર્યો ત્યારે જૂથે સૂત્રોચ્ચાર કર્યા હતા. 'ભારત માતા કી જય' અને 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના નારા લગાવતી વખતે તેમને રોકવાનો પ્રયાસ કરનાર પોલીસ સાથે પ્રદર્શનકારીઓની થોડી ઝપાઝપી



પણ થઈ હતી. બાદમાં પ્રદર્શનકારીઓની અટકાયત કરીને તેમને ત્યાંથી લઈ જવામાં આવ્યા હતા.

"તમે પ્રતિકારને 'ડી-નોટિફાય' કરી શકતા નથી," તેમ મક્કમ દીપકે જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકેની માન્યતા રદ કરવાના કેન્દ્રના આદેશને પડકારતા પોસ્ટ કર્યું.

કેન્દ્ર સરકાર દ્વારા જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકેની માન્યતા રદ કર્યાના એક દિવસ બાદ, મંગળવારે વહેલી સવારે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના સ્વયંસેવકોનું એક જૂથ તેના નેતાઓ આશુતોષ રાંકા અને સૌરવ દાસના નેતૃત્વમાં ત્યાં પહોંચ્યું હતું.

# બ્રિમ્સટેક સમિટ પછી બાંગ્લાદેશના ગૃહમંત્રીએ ભારતની મુલાકાત લેવાનો ઈનકાર કર્યો

## બેઠકમાં પ્રાદેશિક સુરક્ષા, આતંકવાદ અને આંતરરાષ્ટ્રીય ગુનાઓ પર ચર્ચા થશે

નવીદિલ્હી,

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને કારણે, ગૃહમંત્રી સલાહુદ્દીન અહેમદ નવી દિલ્હીમાં યોજાનારી બ્રિમ્સટેક દેશોના ગૃહમંત્રીઓની પ્રથમ બેઠકમાં હાજરી આપશે નહીં. તેમના સ્થાને, ઢાકાનું પ્રતિનિધિત્વ એક વરિષ્ઠ અમલદારના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ દ્વારા કરવામાં આવશે.

બાંગ્લા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, ગૃહ બાબતોના વરિષ્ઠ સચિવ મંજૂર મોર્શેદ ચૌધરી બે દિવસીય બેઠકમાં બાંગ્લાદેશી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. આ બેઠક સોમવારથી સભ્ય દેશોના ગૃહ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે શરૂ થશે.

નોંધનીય છે કે સભ્ય દેશોના ગૃહ પ્રધાનોની બેઠક મંગળવારે યોજાવાની છે. બે ઓફ બંગાળ ઈનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશનએ બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ કરતું પ્રાદેશિક જૂથ છે.તેનો હેતુ બંગાળની ખાડીની સરહદ અને તેની આસપાસના દેશો વચ્ચે આર્થિક અને તકનીકી સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. બાંગ્લાદેશે એપ્રિલ ૨૦૨૫ માં બ્રિમ્સટેકની અધ્યક્ષતા સંભાળી હતી. બ્રિમ્સટેકગૃહમંત્રીઓની પ્રથમ બેઠકનો હેતુ દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા અને બંગાળની ખાડી ક્ષેત્રના સભ્ય દેશો વચ્ચે સુરક્ષા સહયોગને મજબૂત બનાવવાનો છે.જોકે અહેવાલોમાં અહેમદની ગેરહાજરીનું કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી, ઓગસ્ટ ૨૦૨૪ માં શેખ હસીના સરકારની હકાલપટ્ટી પછી ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં બગાડ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારબાદ હસીનાએ ભારતની મુલાકાત લીધી હતી. ગયા મહિને, વડા પ્રધાન તારિક રહેમાને બ્રિમ્સટેક અધ્યક્ષ તરીકે ભારત સરકાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હોવા છતાં, નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટના આઉટરીચ સત્રમાં હાજરી આપી ન હતી.

CMYK CMYK

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અમદાવાદ ખાતે આયોજિત BRICS ટ્રેડિશનલ એન્ડ ઈન્ડિજીનસ ડેમોન્સ્ટ્રેશન ગેમ્સનો પ્રારંભ કરાવ્યો



## રમતગમતને સ્પર્ધાથી આગળ વધારી સર્વસમાવેશક વિકાસ, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને આંતરરાષ્ટ્રીય સહયોગનું માધ્યમ બનાવવા કેન્દ્રીય મંત્રીનો અનુરોધ

અમદાવાદ,

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કેન્દ્રીય રમતગમત મંત્રાલય દ્વારા ગુજરાત સરકારના સહયોગથી આયોજિત BRICS ટ્રેડિશનલ એન્ડ ઈન્ડિજીનસ સ્પોર્ટ્સ ડેમોન્સ્ટ્રેશન ગેમ્સ-૨૦૨૬નો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે પરંપરાગત રમતો માત્ર સ્પર્ધાનું માધ્યમ નથી, પરંતુ દેશોની સાંસ્કૃતિક ઓળખ, વારસો અને પેઢી દર પેઢી સચવાયેલી પરંપરાઓને જોડતું સશક્ત માધ્યમ છે. રમતગમત દ્વારા આંતરરાષ્ટ્રીય સહયોગ, સાંસ્કૃતિક સમજણ અને સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવા તેમણે ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં રમતગમતનું માળખું વધુ સુદૃઢ બનાવવા માટે મેદાનથી લઈને વૈશ્વિક સ્તર સુધીની તકોનું નિર્માણ થઈ રહ્યું છે. તાલીમ, રમત વિજ્ઞાન, માળખાકીય સુવિધાઓ, ખેલાડીઓના કલ્યાણ અને આંતરરાષ્ટ્રીય અનુભવ સહિતનાં વિવિધ પાસાંને આવરી લેતા સર્વાંગી અભિગમ દ્વારા ટકાઉ રમતગમત ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. ખેલો ઈન્ડિયા જેવી પહેલો દ્વારા રમતગમત અને શારીરિક તંદુરસ્તીને જનજીવનનો અભિન્ન હિસ્સો બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

રમતગમત મંત્રીએ જણાવ્યું હતું કે પરંપરાગત રમતો સ્થાનિક જીવનશૈલી, વ્યવસાય, રિવાજો અને તહેવારો સાથે જોડાયેલી હોવાથી તેમાં સમાજનું જ્ઞાન, સાંસ્કૃતિક મૂલ્યો અને ઐતિહાસિક વારસો સમાયેલો છે. મલ્લખંભ જેવી રમતો શારીરિક સંતુલન અને નિયંત્રણનું ઉત્તમ ઉદાહરણ છે, જ્યારે કલરિપયટ્ટુ જેવી પરંપરાગત માર્શલ આર્ટ્સ ભારતની સમૃદ્ધ રમતગમત પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. યોગ દ્વારા ભારતે શારીરિક કસરતની સાથે મન, શરીર અને આત્માના સંતુલનનો સંદેશ વિશ્વ સુધી પહોંચાડ્યો છે. તેમણે રમતગમત ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી, સમાન તકો અને સર્વસમાવેશક વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. સાથે જ, પરંપરાગત રમતોનું દસ્તાવેજીકરણ કરવા, તેમનું સાંસ્કૃતિક મહત્ત્વ જાળવવા અને નવી પેઢી સુધી આ વારસો પહોંચાડવા માટે વિવિધ દેશો વચ્ચે જ્ઞાનની આપ-લે, આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને નિયમિત સંવાદને પ્રોત્સાહન આપવાની પણ તેમણે હિમાયત કરી હતી.

# દિવાળી ટાણે વતન જતા લોકોને રાહતઃ સુરતથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે દોડશે ૯૧૦૦ વધારાની બસો

## મુસાફરો અગાઉથી પોતાની સીટ બુક કરાવી શકશે અને ગ્રુપમાં જતા લોકો માટે ગ્રુપ બુકિંગની પણ સગવડ

અમદાવાદ,

દિવાળીના પર્વ પર સુરતમાં રહેતા સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના લોકો મોટી સંખ્યામાં પોતાના ગામ-શહેર જતા હોય છે. તેમને મુસાફરીમાં મુશ્કેલી ન પડે તે માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન ચોથી નવેમ્બરથી નવમી નવેમ્બર સુધી કરવામાં આવશે. મુસાફરો અગાઉથી સીટ બુક કરાવી શકશે અને ગ્રુપમાં જતા લોકો માટે ગ્રુપ બુકિંગની પણ સગવડ રાખવામાં આવી છે.

નિગમના આયોજન મુજબ સૌથી વધુ બસો સૌરાષ્ટ્રનાં વિવિધ શહેરો તરફ દોડાવાશે. આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાતનાં શહેરો માટે પણ વધારાની બસો મૂકવામાં આવી છે. મુસાફરોને નિર્ધારિત બસ સ્ટેશન અને પિકઅપ પોઈન્ટ પરથી બસ મળશે.

સુરત વિભાગના અધિકારીની માહિતી પ્રમાણે, સૌરાષ્ટ્ર તરફની બસો ધામડકા હાઈવે અને વરાછા રોડ પરના મેદાન સહિતનાં નક્કી કરેલાં સ્થળોએથી ઉપડશે. દાહોદ, ગોધરા, ઝાલોદ અને પંચમહાલ તરફ જતી બસો માટે એસટી સેન્ટ્રલ બસ સ્ટેશનની સામેના સિટી સ્ટેન્ડ સહિતનાં સ્થળો રાખવામાં આવ્યાં છે. આ બસો મુખ્યત્વે સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા દરમિયાન દોડશે. સીટ મેળવવા માટે એડવાન્સ બુકિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે, જ્યારે ગ્રુપમાં મુસાફરી કરનારા લોકો ગ્રુપ બુકિંગ પણ કરાવી શકશે.

મુસાફરો એસટી સેન્ટ્રલ, અડાજણ, ઉધના, કામરેજ અને કડોદરા સહિતનાં નિગમનાં બસ સ્ટેશનોની બુકિંગ વિન્ડો પરથી ટિકિટ લઈ શકશે.

# એએમટીએસના ડ્રાઈવરે દારૂના નશામાં બસ ચલાવી લોકોના જીવ જોખમમાં મૂક્યા

## સંબંધિત એજન્સીને રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો

અમદાવાદ,

અમદાવાદના જમાલપુર પગથિયાં પાસે એએમટીએસના રૂટ નંબર ૧૪૩ની શટલ બસના ડ્રાઈવરે દારૂના નશામાં બસ ચલાવી માર્ગ પરથી પસાર થતા નાગરિકોના જીવ જોખમમાં મૂક્યા હોવાની ઘટના સામે આવી હતી. બસના ડ્રાઈવર સુરેશ રાજપૂતે નશાની હાલતમાં બસ ચલાવી અકસ્માત સર્જ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. એએમટીએસજીના અધિકારીએ ડ્રાઈવર પીધેલી હાલતમાં હોવાની પુષ્ટિ કરી હતી. ત્યારબાદ તેને તાત્કાલિક અસરથી સેવામાંથી દૂર કરવામાં આવ્યો છે અને સંબંધિત એજન્સીને રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઘટના બાદ સ્થાનિક લોકોએ ડ્રાઈવરને પકડીને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં સોંપ્યો હતો. જાહેર પરિવહનની બસ ચલાવતા ડ્રાઈવરની નશાની હાલતમાં હોવાની ઘટના સામે આવતાં બસચાલકોની તપાસ અને મુસાફરો સહિત રસ્તા પરથી પસાર થતા લોકોની સુરક્ષા અંગે સવાલો ઊભા થયા છે. અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રવક્તા અતિક સૈયદ દ્વારા આ ઘટના બાદ એએમટીએસના તમામ બસ ડેપોમાં ડ્રાઈવરો બસ લઈને રૂટ પર નીકળે તે પહેલાં તેમનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ ફરજિયાત કરવાની માગ કરવામાં આવી છે.

# રોસ્ટર એ અનામત વ્યવસ્થાનું હૃદય છે : સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા

## દિવ્યાંગ ઉમેદવારોની ભરતી અને રોસ્ટર નીતિ અંગે એક દિવસીય વર્કશોપ યોજાયો

ગાંધીનગર,

રાજ્ય સરકારમાં દિવ્યાંગો સહિત અનામતના લાભાર્થી વર્ગોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા અને ભરતી પ્રક્રિયામાં રોસ્ટર નીતિનું ચોકસાઈપૂર્વક પાલન સુનિશ્ચિત કરવા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. આ અંતર્ગત ગાંધીનગરમાં તાજેતરમાં યોજાયેલા એક દિવસીય વર્કશોપમાં વિવિધ વિભાગોના અંદાજે ૩૫૦ અધિકારીઓને અનામત ભરતી, રોસ્ટર રજિસ્ટરની જાળવણી અને ભરતી પ્રક્રિયામાં આવતી મુશ્કેલીઓના નિવારણ અંગે માર્ગદર્શન



આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અનામતની બંધારણીય વ્યવસ્થા અનુસાર વિશેષ વર્ગોના બંધારણીય હકો જાળવવાનું કામ રોસ્ટર વ્યવસ્થા કરે છે, એટલે રોસ્ટર એ અનામત વ્યવસ્થાનું હૃદય છે."

મંત્રીશ્રીએ સરકારી ભરતીમાં અનામતની બંધારણીય જોગવાઈઓનું યોગ્ય પાલન કરવા અને રોસ્ટર વ્યવસ્થાના અસરકારક અમલીકરણ દ્વારા પાત્ર ઉમેદવારોને ન્યાયસંગત તક આપવા પર ભાર મૂક્યો હતો. તેમણે રોસ્ટર રજિસ્ટરની જાળવણી, અનામત ક્રમની નોંધણી અને સંબંધિત પત્રકોમાં વિગતોની ચોકસાઈપૂર્વક નોંધ રાખવા જેવી બાબતો પર વિશેષ ધ્યાન દોર્યું હતું. રોસ્ટર સંબંધિત કામગીરીમાં આવતી મુશ્કેલીઓ અને રાખવાની જરૂરી કાળજી અંગે વિભાગ દ્વારા મુદ્દાવાર માર્ગદર્શન આપવામાં આવ્યું તે બદલ તેમણે સચિવશ્રી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

# અમદાવાદની પેઢીમાંથી રૂ. ૪૫.૨૯ લાખ ગુમ કરનાર બે સગા ભાઈઓ ઉત્તર પ્રદેશથી ઝડપાયા

## અગ્રણી પાર્સલ સર્વિસ પેઢીમાં જ નોકરી કરતા બે સગા ભાઈઓની કરાઈ ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ શહેરના વ્યસ્ત અને ધમધમતા કાલુપુર રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી એક અગ્રણી પાર્સલ સર્વિસ પેઢીમાંથી અંદાજે એક મહિના અગાઉ થયેલી લાખો રૂપિયાની ચોરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ ચકચારી પ્રકરણમાં પેઢીમાં જ નોકરી કરતા બે સગા ભાઈઓની ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી છે.

૭ સપ્ટેમ્બરના રોજ કાલુપુર રેલવે સ્ટેશનની સામે આવેલા લોઢાવાળા ચેમ્બર્સની દુકાન નં. ૫ અને ૯ માં ધમધમતી 'કે. મંગીલાલ પાર્સલ સર્વિસ' નામની પેઢીમાંથી બપોરે ૩ થી ૪:૪૫ વાગ્યા આસપાસમાં કુલ રૂપિયા ૪૫.૨૯ લાખની રોકડ રકમની રહસ્યમય ચોરી થઈ હતી. આ અંગે મણિનગર વિસ્તારમાં રહેતા માધારામ લીચનરામ શર્મા દ્વારા કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ચોરી કરાયેલી આ માતબર રકમમાં ઓફિસના ટેબલના કમ્પાર્ટમેન્ટમાં સુરક્ષિત રાખવામાં આવેલી રોકડ તેમજ કાલુપુરના જ પંચકુવા વિસ્તારના એક વેપારી પાસેથી ખાસ એકત્રિત કરવામાં આવેલા રૂપિયા ૫ લાખનો પણ સમાવેશ થતો હતો. આટલી મોટી રકમ ગુમ થઈ જતાં વેપારી વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નિરજા ગુપ્તા સામે જાહેર ફરિયાદો મંગાવાઈ

## પૂર્વ કુલપતિ સામેના આરોપોની હકીકત તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે



અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નિરજા ગુપ્તા સામે થયેલા ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિના આરોપોની તપાસ વચ્ચે હવે જાહેર જનતા પાસેથી ફરિયાદો અને રજૂઆતો મંગાવવામાં આવી છે. યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર નોટિસ મૂકીને આ અંગેની માહિતી આપવામાં આવી છે. આ પગલાંને કારણે ઉચ્ચ શિક્ષણ જગતમાં ચર્ચા શરૂ થઈ છે.

મળતી માહિતી મુજબ, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નિરજા ગુપ્તાના કાર્યકાળ દરમિયાન થયેલા ખર્ચ, નિમણૂંકો, પ્રોજેક્ટ્સ અને અન્ય સંબંધિત બાબતોની તપાસ માટે નિવૃત્ત જજની અધ્યક્ષતામાં સત્ય શોધક સમિતિની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તપાસનો સમયગાળો ૧ જુલાઈ ૨૦૨૩થી ૩૦ જૂન ૨૦૨૬ સુધીનો રાખવામાં આવ્યો છે.

આ તપાસના ભાગરૂપે યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિના આદેશથી જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. તેમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને સંબંધિત બાબતો અંગે ફરિયાદ અથવા રજૂઆત કરવાની તક આપવામાં આવી છે.

નોટિસ અનુસાર, ફરિયાદ કે રજૂઆત કરનાર વ્યક્તિએ

# ક્રિકેટરોના કરોડો ડૂબાડનાર બીઝેડ કૌભાંડમાં હાઈકોર્ટ લાલઘૂમ : સીઆઈડી ક્રાઈમ પાસે માગ્યો ખુલાસો

## કરોડો રૂપિયાના પોન્ઝી સ્કીમ કૌભાંડમાં ભારતીય ક્રિકેટરો સાથે થયેલી છેતરપિંડીનો મામલો ગરમાયો

અમદાવાદ,

ગુજરાતના ચકચારી BZ ગ્રૂપના ભૂપેન્દ્ર ઝાલા સાથે સંકળાયેલા કરોડો રૂપિયાના પોન્ઝી સ્કીમ કૌભાંડમાં ભારતીય ક્રિકેટરો સાથે થયેલી છેતરપિંડીનો મામલો ગરમાયો છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટે ગંભીર વલણ અપનાવીને તપાસ એજન્સીઓ સામે સવાલ ઉઠાવ્યા છે.

ભારતીય ક્રિકેટર હર્ષલ પટેલ, રાહુલ તેવટિયા અને જયંત યાદવના રોકાણ સાથે જોડાયેલા આ વિવાદમાં આઈપીએલ ફ્રેન્ચાઈઝી 'ગુજરાત ટાઈટન્સ'ના પૂર્વ મેનેજર ધવલ શાહ, તેના પત્ની પુનિતા શાહ અને વિરલ શાહની ભૂમિકા શંકાસ્પદ જણાઈ છે. એવા આક્ષેપો છે કે, ધવલ શાહે ક્રિકેટ જગતમાં તેમના હોદ્દા અને સંબંધોનો ગેરલાભ લઈને ભૂપેન્દ્ર ઝાલા માટે રોકાણકારોનો વિશ્વાસ જીત્યો હતો. ક્રિકેટરોને ટૂંકા ગાળામાં ઊંચું વળતર મેળવવાની લાલચ આપીને કરોડોનું રોકાણ કરાવાયું હતું, પરંતુ સમય પૂરો થવા છતાં તેમને વળતર મળ્યું ન હતું.

ગુજરાત હાઈકોર્ટમાં ક્રિકેટરો વતી હાજર એડવોકેટ કિશન ચકવાવાલાએ રજૂઆત કરી હતી કે, બોડકદેવ પોલીસ સ્ટેશન સહિતના સંબંધિત અધિકારીઓ સમક્ષ લેખિત ફરિયાદો કરવા છતાં યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં જાણી જોઈને વિલંબ અને ઉદાસીનતા દાખવાઈ રહી છે. આટલા મોટા કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય જવાબદારો સામે યોગ્ય ગુનાઈત કલમો હેઠળ નિષ્પક્ષ તપાસ થવી અનિવાર્ય છે.

# અમદાવાદમાં મોબાઈલ ફોન હેક કરીને બેંક ખાતામાંથી ૧.૯૬ લાખની સાયબર છેતરપિંડી

## આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ ફોન અને બે સિમકાર્ડ કબજે કરવામાં આવ્યાં

અમદાવાદ,

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં મોબાઈલ ફોન હેક કરીને બેંક ખાતામાંથી રૂ. ૧.૯૬ લાખની સાયબર છેતરપિંડી કરવાના કેસમાં પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની સાયબર ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ ફોન અને બે સિમકાર્ડ કબજે કરવામાં આવ્યાં છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યાથી ૭ ઓક્ટોબર ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા વચ્ચે અજાણ્યા શખસોએ ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કર્યો હતો. ત્યારબાદ ફરિયાદીની જાણ બહાર બેંક ઓફ બરોડાની વેજલપુર શાખાના ખાતામાંથી કુલ રૂ. ૧,૯૬,૦૦૦ ઉપાડી લેવામાં આવ્યા હતા.

આ મામલે ફરિયાદીએ ૮ ઓક્ટોબરના રોજ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૧૮(૪), ૩૧૯(૨) અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૬૬(સી) તથા ૬૬(ડી) હેઠળ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી.ઈતિહાસ વાંચો

અમદાવાદ શહેરના પોલીસ અધિકારીઓની સૂચના હેઠળ વેજલપુર પોલીસની સાયબર ટીમે તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસને ગુનામાં સંડોવાયેલા શખસો અંગે માહિતી મળી હતી. ત્યારબાદ કાર્યવાહી કરીને ત્રણેય આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસે આરોપીઓના કબજામાંથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલા ચાર મોબાઈલ ફોન, જેની અંદાજિત કિંમત રૂ. ૧૮,૦૦૦ છે, તેમજ બે સિમકાર્ડ કબજે કર્યાં છે.

# વિધાનસભા ચૂંટણીની તૈયારી : ભાજપે આદિવાસી પટ્ટામાં મંત્રીઓને સોંપી જવાબદારી

## એક મંત્રીને ચાર વિસ્તારોમાં ફરજિયાત પ્રવાસ કરવા સૂચના અપાઈ

અમદાવાદ,

ગુજરાતમાં આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની રહી છે. ચૂંટણીને હજી સમય બાકી છે, પરંતુ ભાજપે અત્યારથી જ મહત્વપૂર્ણ વિસ્તારોમાં પોતાની પકડ મજબૂત કરવાની તૈયારીઓ શરૂ કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે. ખાસ કરીને અંબાજીથી ઉમરગામ સુધી ફેલાયેલા આદિવાસી પટ્ટા પર પાર્ટીનું ધ્યાન કેન્દ્રિત થયું છે. આ વિસ્તારોમાં સરકારી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવા, લાભાર્થીઓને મળતા લાભોની જાણકારી મેળવવા અને સંગઠનની કામગીરીની સમીક્ષા કરવા માટે મંત્રીઓને જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. એક મંત્રીને ચાર વિસ્તારોમાં ફરજિયાત પ્રવાસ કરવા સૂચના અપાઈ હોવાની પણ માહિતી છે. આ તૈયારીઓ પાછળ આદિવાસી વિસ્તારોમાં જનસંપર્ક વધારવા અને સ્થાનિક સ્તરે સંગઠનને વધુ મજબૂત બનાવવાનો હેતુ હોવાનું મનાય છે.

ગુજરાતના પૂર્વીય આદિવાસી પટ્ટાને રાજકીય રીતે મહત્વપૂર્ણ વિસ્તાર માનવામાં આવે છે. અંબાજીથી લઈને દક્ષિણ ગુજરાતના ઉમરગામ સુધી ફેલાયેલા આ વિસ્તારમાં આદિવાસી સમુદાયની નોંધપાત્ર વસ્તી છે. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ આ વિસ્તારમાં પોતાની કામગીરીને વધુ સક્રિય બનાવવા પ્રયાસ કરી રહી હોવાના અહેવાલો છે. પાર્ટી દ્વારા આદિવાસી વિસ્તારોમાં સરકારી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચે છે કે નહીં અને સ્થાનિક સ્તરે સંગઠન કેવી રીતે કામ કરી રહ્યું છે તેની સમીક્ષા કરવાની યોજના બનાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આદિવાસી વિસ્તારોમાં સરકારી યોજનાઓ અને તેના લાભ વિશે લોકોને માહિતગાર કરવા માટે મંત્રીઓને જવાબદારી સોંપવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. આ કામગીરી દરમિયાન વિવિધ યોજનાઓનો લાભ કેટલા લોકોને મળ્યો છે, લોકોને યોજનાઓ અંગે પૂરતી જાણકારી છે કે નહીં અને ક્યાં મુશ્કેલીઓ આવી રહી છે તે અંગે માહિતી મેળવવા પર ભાર મૂકવામાં આવી શકે છે. સરકારની યોજનાઓ વિશે લોકો સુધી સીધી માહિતી પહોંચાડવી અને સ્થાનિક સ્તરે તેમની સમસ્યાઓ સમજવી આ કામગીરીનો મહત્વપૂર્ણ ભાગ હોવાનું માનવામાં આવે છે.

# પશુઆહારમાં ભેળસેળ મામલે મહેસાણા-કડી વિસ્તારમાં મેગા સરપ્રાઈઝ ચેકિંગ

## પશુપાલકોના હિત અને પશુઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા ભેળસેળિયાઓ સામે સરકાર કાયદાનું શસ્ત્ર ઉગામશેઃ પશુપાલન મંત્રી જીતુ વાઘાણી



ગાંધીનગર,

ગુજરાતમાં તાજેતરમાં જ પશુઓના આહારની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે નવો કાયદો ઘડાયો છે અને રાજ્યપાલએ તેને મંજૂરી પણ આપી દીધી છે. જ્યારે બીજી બાજુ રાજ્ય સરકારે ભેળસેળિયાઓ સામે કડક કાર્યવાહીનો પ્રારંભ કરી દીધો છે. પશુપાલકોના હિતનું રક્ષણ કરવા માટે પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીના નિર્દેશ હેઠળ ગઈકાલે તા. ૧૧/૧૦/૨૦૨૬ના રોજ મહેસાણા જિલ્લાના કડી વિસ્તારમાં વિવિધ વેરહાઉસો પર સરપ્રાઈઝ સંયુક્ત તપાસ હાથ ધરી મોટો જથ્થો સીલ કરવામાં આવ્યો છે. ધી ગુજરાત કોટન સીડ્સ ક્રશર્સ એસોસિએશનની યોજાયેલ વાર્ષિક સાધારણ સભા દરમિયાન પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્પષ્ટ શબ્દોમાં ગેરરીતિ કરનાર તત્વોને ચેતવણી આપી હતી કે, પશુઆહાર અને ખોળમાં ભેળસેળ કરનારા ઈસમોને રાજ્ય સરકાર જરા પણ સાંખી નહીં લે અને તેમની સામે કાયદાનું કડકમાં કડક શસ્ત્ર ઉગામવામાં આવશે.

આ સંદર્ભે મળેલી ચોક્કસ રજૂઆતના આધારે પશુપાલન તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. મંત્રી શ્રી વાઘાણીની કડક સૂચનાથી મહેસાણા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ મહેસાણા જિલ્લા પશુપાલન વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મામલતદાર – કડી તથા પશુચિકિત્સા અધિકારીઓની સંયુક્ત ટીમો દ્વારા ફ્ક્ઝફ્ઢઈઠ ગ્રુપ સંલગ્ન ૪ મોટા વેરહાઉસો પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગ દરમિયાન કડી તાલુકાના અલદેસણ ખાતે ભવ્ય વેર હાઉસમાં ૧૪,૧૨૫ બેગ અને શુભમ લોજીસ્ટિક વેર હાઉસ ખાતે ૫,૦૯૦ બેગ, નગરાસણ ખાતે મહાશક્તિ વેર હાઉસ (અમીના વેર હાઉસ)માં ૧૦,૭૯૬ બેગ તેમજ લિંચ અંબાસણ રોડ ખાતે સ્થિત એલ.ટી.સી. વેર હાઉસમાં અંદાજે ૧,૨૮,૬૨૨ બેગ શંકાસ્પદ ખોળ મળી આવ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

# આરોગ્ય વિભાગનો દરોડો:મોચીબજારમાંથી ૧૫૦૦ કિલો પડતર ચીકન પકડાયું

## બે દુકાનના કોલ્ડ સ્ટોરેજમાં બિનઆરોગ્યપ્રદ હાલતમાં માલ મળ્યો : કોઈ રજીસ્ટર પણ ન હતા



રાજકોટ:રાજકોટની સૌથી જુના અને ગેરકાયદે કતલખાના તરીકે પંકાયેલા મોચીબજાર કૃષ્ણપરા પાસેની ચીકન માર્કેટમાં આજે મહાપાલિકાની આરોગ્ય શાખાની ટીમે વર્ષો બાદ સૌથી મોટો દરોડો પાડતા નોનવેજના ધંધાર્થીઓમાં ફફડાટ મચી ગયો છે.

આજે બપોરે આરોગ્ય અધિકારી સહિતની ટીમે બે કોલ્ડ સ્ટોરેજ સાથેની દુકાનમાં રેડ કરતા અધધ ૧૫૦૦ કિલો પડતર અને બિનઆરોગ્યપ્રદ ચીકન મળી આવતા આ જથ્થાનો નાશ કર્યો છે.

મોચીબજાર અને પરાબજાર વચ્ચે આ મટન-ચીકન માર્કેટ આવેલી છે. અહીં પશુઓની કતલથી માંડી તેના વેચાણ સહિતની ફરિયાદો અવારનવાર જીવદયા સંસ્થાઓ કરતી આવી છે. તેવામાં આજે આરોગ્ય વિભાગે આ દાખલારૂપ કામગીરી કરી છે. શહેરના જુદા જુદા વિસ્તારમાં બિનઆરોગ્યપ્રદ મટન પકડાવાની ઘટના વચ્ચે અહીંથી પણ મોટા પ્રમાણમાં માલ જતો હોવાની બાતમી આરોગ્ય વિભાગને મળતા કાર્યવાહી કરવામાં આવી છે.

આજે બપોરે આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણી સહિતની ટીમ કૃષ્ણપરામાં ચબુતરા સામે આવેલા વિસ્તારમાં ચેકીગ અર્થે દોડી ગયા હતા. આ જગ્યાએ એશમીરા ચીકનમાં ચકાસણી કરતા ત્યાંથી કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલો ૧૧૦૦ કિલો પડતર ચીકનનો જથ્થો મળી આવ્યો હતો.

આ ઉપરાંત બાજુમાં જ આવેલ અલીફ ચીકનમાં પણ દરોડો પાડતા ત્યાંથી ૪૦૦ કિલો પડતર ચીકન મળી આવ્યું હતું. આથી આ ૧૫૦૦ કિલો ચીકનના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગની ટીમે કહ્યું હતું કે, કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરેલ ચીકનના જથ્થા પર ઉત્પાદન કે અન્ય કોઈ જ પ્રકારનું લેબલીગ કરવામાં આવ્યું નથી. અનહાઈજેનિક કંડીશનમાં આ સ્ટોરેજ કરવામાં આવ્યો હતો. તો ચીકનના સ્લોટરીગ (કતલ) અંગેનું પણ કોઈ પણ જાતનું રજીસ્ટર નિભાવવામાં આવતું નથી. આથી આ જગ્યાએથી અંદાજીત રૂા. ૩ લાખની કિંમતના ચીકનનો નાશ કરાયો હતો.

ઉલ્લેખનીય છે કે, લગભગ ત્રણેક દાયકા પહેલા આ વિસ્તારના ગેરકાયદે કતલખાના ઉપર આરોગ્ય અને પોલીસ તંત્રની ટીમે મોટો દરોડો પાડયો હતો અને ત્યારે હુમલા સહિતની ઘટનાઓ પણ બની હતી.

# રાજકોટમાં રાજ્ય માહિતી કમિશનર ભરત ગણાત્રાની અધ્યક્ષતામાં 'આર.ટી.આઈ. સપ્તાહ'ની ઉજવણી

## ગુજરાત માહિતી આયોગ દ્વારા 'માહિતીનો અધિકાર : બે દાયકાની સફર' પુસ્તકનું વિમોચન





રાજકોટઃ ભારત સરકાર દ્વારા 'આર.ટી.આઈ. (રાઈટ ટુ ઈન્ફોર્મેશન) સપ્તાહ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાત માહિતી આયોગના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાજ્ય માહિતી કમિશનર શ્રી ભરત ગણાત્રાની અધ્યક્ષતામાં આજ રોજ 'માહિતીનો અધિકાર અધિનિયમ - ૨૦૦૫નું અમલીકરણ અને જવાબદારીનું સુદ્રઢીકરણ' વિષયક પરિસંવાદ યોજાયો હતો.

આ પ્રસંગે રાજ્ય માહિતી કમિશનર શ્રી ભરત ગણાત્રાએ અધિકારીઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં આર.ટી.આઈ. કાયદાની વિવિધ કલમો, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના મહત્વપૂર્ણ ચુકાદાઓ તથા પ્રો-એક્ટિવ ડિસ્કલોઝરની કાયદાકીય જોગવાઈઓ વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આર.ટી.આઈ. અરજીઓનો સચોટ, નિયમાનુસાર અને સમયસર નિકાલ કરવાથી પ્રથમ અને દ્વિતીય અપીલનું પ્રમાણ ઘટે છે.

આ સેમિનારમાં કાયદા અધિકારી શ્રી રાજવીબા પરમારે આર.ટી.આઈ. કાયદાના વિવિધ પાસાંની જાણકારી આપી હતી, જેમાં માહિતી કોણ માંગી શકે તેની સ્પષ્ટતા અને રેકર્ડ નાશ થયેલો હોવાના પૂરાવા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ આવરી લેવાયા હતા. આ સાથે નમૂના-'ક' મુજબ માહિતી મેળવવાની અરજી, અરજીમાં કારણો ન પૂછવાની જોગવાઈ, ઓનલાઈન અરજી/અપીલ તથા બહોળા પ્રમાણમાં માહિતી મંગાવેલી હોય ત્યારે આર.ટી.આઈ. હેઠળ રેકર્ડ નિરીક્ષણ અને ફીની જોગવાઈઓ અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વધુમાં, માહિતી આપવામાંથી મુક્તિની કલમો, અંગત માહિતી આપવાના નિયમો, વિભાજ્યતાનો સિદ્ધાંત અને પ્રથમ અપીલ અધિકારીની ફરજો સ્પષ્ટ કરાઈ હતી. આ સેમિનારમાં માહિતી આયોગ ખાતે બીજી અપીલ અને ફરિયાદની સુનવણી, અહેવાલ પ્રક્રિયા, દંડ અને શિક્ષાની જોગવાઈઓ તથા આર.ટી.આઈ. પ્રક્રિયામાં આવતી સમસ્યાના ઉકેલોની ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી જયકુમાર બારોટે પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, આર.ટી.આઈ. એક્ટનો મુખ્ય હેતુ સરકારી કામગીરીમાં પારદર્શિતા લાવવા અને જવાબદેહિતા નક્કી કરવાનો છે, જે સુશાસન માટે ખૂબ જરૂરી છે.

આ કાર્યક્રમમાં સૌએ પોડકાસ્ટ નિહાળ્યો હતો. જેમાં જાહેર સત્તામંડળની વ્યાખ્યા, માત્ર ભારતના નાગરિક દ્વારા જ માહિતી મેળવવાની પાત્રતા, અરજી તબદીલ કરવાની પ્રક્રિયા, બી.પી.એલ. અરજદારોના કિસ્સામાં ધ્યાને રાખવાની બાબતો અને ત્રાહિત પક્ષકાર સંબંધિત માહિતીની પ્રક્રિયા પ્રશ્નોત્તરી રૂપે સમજાવવામાં આવી હતી. નોંધનીય છે કે, ગુજરાત માહિતી આયોગ દ્વારા પ્રકાશિત 'માહિતીનો અધિકાર : બે દાયકાની સફર' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદમાં આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી અતુલસિંહ, સંયુક્ત માહિતી નિયામક શ્રી મિતેષ મોડાસીયા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી અજય ઝાપડા, સર્વે પ્રાંતશ્રીઓ, રાજકોટના જાહેર માહિતી અધિકારીઓ તથા પ્રથમ અપીલ સત્તાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, જ્યારે રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના અધિકારીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતાં.

# તહેવારો ટાણે જ ફરી પુરવઠાનાં સર્વરનાં ધાંધીયા



રાજકોટઃ પુરવઠાના સર્વરની જુની અને કઠીન સમસ્યા તહેવારો ટાણેજ રેશનકાર્ડ ધારકો અને વેપારીઓને નડે નહી તે માટે ફરી એકવાર રાજકોટ ફેર પ્રાઈઝ શોપ્સ એસોસિએશનએ અવાજ ઉઠાવ્યો છે અને જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરતા જણાવેલ છે કે ગુજરાત રાજયમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનેક રેશનકાર્ડ ધારકોને સીબીડીસી યોજના અંતર્ગત ઓનબોર્ડ કરવામાં આવ્યા છે.સરકારની કોઈપણ નવી યોજનાઓના અમલીકરણ સાથે સંકળાયેલા કર્મચારીઓ અને વાજમી ભાવના દુકાનદારોને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન આપવું અત્યંત જરૂરી છે. ખાસ કરીને જે યોજનાની સીધી અસર સામાન્ય પ્રજાના હિતો અને અનાજ વિતરણ જેવી આવશ્યક સેવાઓ પર થતી હોય, ત્યાં વ્યવસ્થાની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ તેનો અમલ થવો જોઈએ.

પરંતુ છેલ્લા ચારથી પાંચ મહિનાથી સીબીડીસી યોજના હેઠળ મોટી સંખ્યામાં લાભાર્થીઓને ઓનબોર્ડ કરવામાં આવ્યા હોવા છતા આ યોજના સાથે સંકળાયેલા બીએનબી બેંકના સર્વર વિભાગ અને એનઆઈસી વચ્ચે યોગ્ય સંકલન તથા અસરકારક કોમ્યુનિકેશનનો અભાવ જોવા મળી રહ્યો છે. પરિણામે રાજયભરના વાજબી ભાવના દુકાનદારોને અનાજ વિતરણ કરવામાં વારંવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

દર મહિને પીએનબી સર્વર અત્યંત ધીમુ ચાલતુ હોવાની ફરીયાદો મળી રહી છે.

# સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં વધારાના એપોઈન્ટમેન્ટ સ્લોટ ખોલવા રેવન્યુ બાર એસો.ની માંગણી

## તત્કાલ પગલા લેવા મદદનીશ નિરીક્ષક જનરલ ઓફ રજિસ્ટ્રેશનને આવેદનપત્ર

રાજકોટ:માતાજીની શક્તિ અને ભક્તિની આરાધનાના પર્વ એવા નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થતાં જ એસ્ટેટ માર્કેટમાં હવે કરંટ પકડાય જવા પામેલ છે તેની સાથે જ રાજકોટ શહેર જિલ્લાની સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં મિલ્કતોના રજિસ્ટ્રેશન માટે હવે ધસારો થવા લાગ્યો છે.

જેના પગલે સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં નવરાત્રીના નવલા દિવસોમાં મિલ્કત દસ્તાવેજોના રજિસ્ટ્રેશન માટે આવતા એપોઈમેન્ટ મેળવવા ભારે મુશ્કેલી પડી રહી છે ત્યારે સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં મિલ્કત દસ્તાવેજ-રજિસ્ટ્રેશન માટે વધારાના એપોઈમેન્ટ સ્લોટ ખોલવાની માંગણી ઉઠાવી આ રાજકોટ રેવન્યુ બાર એસો. દ્વારા આ અંગે રાજકોટના મદદનીશ નિરીક્ષક જનરલ ઓફ રજિસ્ટ્રેશનને આવેદન સુપ્રત કરી રજૂઆત કરી હતી.

આ બાબતે રાજકોટ રેવન્યુ બાર એસો.ના સેક્રેટરી અને એડવોકેટ વિજય તોગડીયાએ જણાવ્યું હતું. સબ રજિસ્ટ્રેશન કચેરીઓમાં મિલ્કત રજિસ્ટ્રેશન માટેની હાલની સ્થિતિ મુજબ કોઠારિયા સબ-રજિસ્ટ્રાર કચેરીમાં તા. ૨૧-૧૦ સુધી, લોધિકા કચેરીમાં તા.૧૬-૧૦ સુધી અને ઝોન-માં તા.૧૯-૧૦ સુધીના એપોઈન્ટમેન્ટ સ્લોટ બુક થઈ ગયા છે. પરિણામે નાગરિકોને સમયસર એપોઈન્ટમેન્ટ મળતી નથી અને દસ્તાવેજ નોંધણીની કામગીરીમાં વિલંબ થાય છે.

નવરાત્રિ ધાર્મિક દૃષ્ટિએ શુભ કાર્યો માટે વિશેષ મહત્ત્વ ધરાવતી હોવાથી મોટી સંખ્યામાં નાગરિકો આ સમયગાળામાં જમીન, મકાન અને અન્ય મિલકતોના દસ્તાવેજ નોંધાવવા ઈચ્છે છે. આ સંજોગોમાં જાહેરહિતમાં વધારાના સ્લોટ ખોલવા જરૂરી બન્યા છે. તેઓએ જણાવ્યું હતું કે રજૂઆતમાં કોઠારિયા, લોધિકા અને ઝોન-૮ ખાતે દસ્તાવેજ નોંધણી માટે એપોઈન્ટમેન્ટ સ્લોટ ઉપલબ્ધ ન હોવાના કારણે નાગરિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા અને તાત્કાલિક ધોરણે વધારાના એપોઈન્ટમેન્ટ સ્લોટ ખોલવા તેઓએ માંગ કરી છે.

આ રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ આપતાં અઈજીઆરછ શ્રી ચારેલ દ્વારા ટૂંક સમયમાં નવા એપોઈન્ટમેન્ટ સ્લોટ ખોલવામાં આવશે તેવી ખાત્રી આપવામાં આવી હતી. આથી દસ્તાવેજ નોંધણી કરાવવા ઈચ્છતા નાગરિકો અને વકીલમિત્રોને રાહત મળવાની આશા છે.

# સરકાર ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ડાંગર, મકાઈ,બાજરી,જુવાર અને રાગીની સીધી ખરીદી કરશે

## વી.સી.ઈ. મારફત તા. ૩૧ ઓક્ટોબર સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવી શકાશે

રાજકોટઃ રાજ્ય સરકાર દ્વારા ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર તથા રાગીની સીધી ખરીદી કરવામાં આવશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે ખરીદી હાથ ધરાશે.

ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવ મુજબ ડાંગર (કોમન) રૂ. ૨૪૪૧ પ્રતિ ક્વિન્ટલ, ડાંગર (ગ્રેડ-એ) રૂ. ૨૪૬૧, મકાઈ રૂ. ૨૪૧૦, બાજરી રૂ. ૨૯૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવ નક્કી કરાયા છે. ઉપરાંત જુવાર(હાઈબ્રિડ) રુ. ૪૦૨૩ , જુવાર (માલદંડી) રૂ.૪૦૭૩ પ્રતિ ક્વિન્ટલ તથા રાગી માટે રૂ. ૫૨૦૫ પ્રતિ ક્વિન્ટલ (ઉપરાંત ત્રણેયમાં વધારાનું બોનસ રૂ. ૩૦૦ પ્રતિ ક્વિ.) નિયત કરવામાં આવ્યું છે.

ટેકાના ભાવે પાક વેચવા ઈચ્છતા ખેડૂતોએ સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ. મારફતે ૩૧ ઓક્ટોબર સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. આ નોંધણી ખેડૂતોના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા થશે. ડાંગર, મકાઈ, જુવા, બાજરી અને રાગીની ખરીદી તા. ૧૬ નવેમ્બર ૨૦૨૧૬ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૭ સુધી કરવામાં આવશે.

ખેડૂતોએ નોંધણી સમયે આધારકાર્ડની નકલ, અધતન ગામ નમૂનો, પાકની વાવણી અંગેની જરૂરી વિગતો તથા બેંક ખાતાની વિગતો દર્શાવતી પાસબુકની નકલ/ કેન્સલ ચેક સાથે રાખવાનો રહેશે. પાક ટેકાના ભાવે વેચવા ઈચ્છતા ખેડૂતોને સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા અપીલ કરવામાં આવી છે.

નોંધણી કરાવનાર ખેડૂતોને ખરીદી અંગેની જાણ SMS મારફતે કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતોએ પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન બાદ જ ખરીદી કરવામાં આવશે.

નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ અને ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ચોટીલામાંથી અપહૃત કિશોરની જાણકારી આપવા અંગે

રાજકોટ:સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે યુ.એમ. ટાઉનશીપ-૦૨, ઉમીયાનગરની બાજુમાં રહેતા કિશોરનું કોઈ અજાણ્યો ઈસમ તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ઘરેથી અપહરણ કરી ગયો છે.

અપહરણનો ભોગ બનનાર કિશોરની ઉંમર આશરે ૧૫ વર્ષ, ૦૮ મહિના છે. તે રંગે ઘઉંવર્ણ, આશરે ૪ ફૂટ ઊંચાઈ, પાતળો બાંધો તથા ગોળ ચહેરો ધરાવે છે. તેની આંખોનો રંગ કાળો અને વાળ કાળા છે. શરીરે ક્રીમ કલરનો શર્ટ તથા નાઈટ પેન્ટ પહેરેલું છે. તે ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે.

આ અપહૃત કિશોર અંગે કોઈપણ પ્રકારની માહિતી મળે તો તાત્કાલિક ચોટીલા પોલીસ સ્ટેશન અથવા સુરેન્દ્રનગર કંટ્રોલ રૂમના ફોન નં. ૦૨૭૫૨-૨૮૨૪૫૨ તેમજ મો.નં. ૯૬૮૭૬ ૯૦૧૦૦ પર સંપર્ક કરવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવાયું છે.

# ગઢકા ગામની સીમમાં ૫ વર્ષીય બાળકીને સાપે દંશ દેતાં મોત

રાજકોટ:શહેરની ભાગોળે આવેલ ગઢકા ગામે ૫ વર્ષીય માસુમ દિકરી ઘર પાસે રમતી હતી તે વેળાએ ઘુસી આવેલ ઝેરી સાપ કરડી જતા બેભાન થઈ ઢળી પડી હતી. પરીજનો દ્વારા બાળકીને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર મળે તે પહેલા જ માસુમ બાળકીએ દમ તોડ્યો હતો. ઘટનાની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવથી પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર રોડ પર અમુલ ડેરીના પ્લાન્ટ પાસે ગઢકા ગામ નજીક વાડી વિસ્તારમાં રહેતી ૫ વર્ષીય રીસા સરદારભાઈ બામણીયા નામની માસુમ બાળકી ગઈકાલે સવારે વાડીમાં રમત રમતી હતી ત્યારે વાડીમાં ઘુસેલ સાપે દંશ દેતાં તેણી બેભાન થઈ ઢળી પડી હતી. બનાવની જાણ થતાં પરીજનો દોડી ગયાં હતાં અને તાત્કાલિક સારવાર અર્થે શહેરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જ્યાં સારવાર મળે તે પહેલા માસૂમ બાળકીએ દમ તોડ્યો હતો

# રાજકોટ જિલ્લામાં મતદાર યાદી સતત સુધારણાની ખાસ ઝુંબેશના પ્રથમ રવિવારે કુલ ૮૩૭૬ ફોર્મ ભરાયા

## યુવાનો તથા એસ.આઈ.આર.માંથી બાકાત મતદારોને ખાસ ઝુંબેશનો લાભ લેવા જિલ્લા ચૂંટણી તંત્રનો અનુરોધ

રાજકોટઃ

કેન્દ્રીય ચૂંટણી પંચની સૂચના મુજબ, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશના માર્ગદર્શનમાં, જિલ્લાની આઠેય વિધાનસભા બેઠકોના મત વિસ્તારમાં સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

ગતરોજ ૧૧ ઓક્ટોબરે હાથ ધરાયેલી વિશેષ ઝુંબેશ હેઠળ જિલ્લાની કુલ આઠ વિધાનસભા બેઠકોના કુલ ૨૫૧૨ મતદાન મથકોમાં કુલ ૮૩૭૬ ફોર્મ પ્રાપ્ત થયા છે. જેમાં ૩૬૨૦ નાગરિકોએ ફોર્મ-૬ ભર્યા છે. ૧૮-૧૯ વયજૂથમાં ૧૬૯૯ ફોર્મ ભરાયા છે. ફોર્મ-૭ ૩૧૦ તથા ફોર્મ-૮ ૪૪૪૬ મળ્યા છે.

વિધાનસભા પ્રમાણે જોઈએ તો, ૬૮-રાજકોટ પૂર્વમાં કુલ ૩૦૪ મતદાન મથકો છે, જેમાં ૩૪૧ નાગરિકોએ ફોર્મ-૬ ભર્યા છે. જ્યારે ૧૮-૧૯ વય જૂથમાં ૧૨૧ ફોર્મ ભરાયા છે.

૬૯-રાજકોટ પશ્ચિમ મતક્ષેત્રમાં કુલ ૩૪૩ મતદાન મથકો છે. જેમાં ફોર્મ-૬ ૩૩૫, ૧૮-૧૯ વય જૂથમાં ૧૨૨ ફોર્મ મળ્યા છે.

૭૦-રાજકોટ દક્ષિણમાં કુલ ૨૫૪ મતદાન મથકો છે, જેમાં ફોર્મ-૬ ૨૧૩, ૧૮-૧૯ વય જૂથના ૧૧૪ ભરાયા છે.

૭૧-રાજકોટ ગ્રામ્યમાં કુલ ૪૪૦ મતદાન મથકો છે. જેમાં ફોર્મ-૬ ૬૪૬ તથા ૧૮-૧૯ વય જૂથના ૨૭૧ ફોર્મ ભરાયા છે.

૭૨-જસદણમાં કુલ ૨૯૬મતદાન મથકો છે. જેમાં ફોર્મ-૬ ૬૧૯ તથા ૧૮-૧૯ વય જૂથના ૨૬૮ ફોર્મ મળ્યા છે.

૭૩-ગોંડલમાં કુલ ૨૫૬મતદાન મથકો છે. જેમાં ફોર્મ-૬ ૩૬૯ તથા ૧૮-૧૯ વય જૂથના ૨૧૮ ફોર્મ ભરાયા છે.

૭૪-જેતપુરમાં કુલ ૩૨૩ મતદાન મથકો છે, જેમાં ફોર્મ-૬ ૬૦૨ તથા ૧૮-૧૯ વય જૂથમાં ૩૪૩ ફોર્મ ભરાયા છે.

૭૫-ધોરાજીમાં કુલ ૨૯૬ મતદાન મથકો છે. જેમાં ફોર્મ-૬ ૪૯૫ અને ૧૮-૧૯ વય જૂથમાં ૨૪૨ ફોર્મ પ્રાપ્ત થયા છે.

# એટીએમ મશીનમાંથી રોકડ સેરવી લેતી ગેંગ પકડાઈ, રાજ્યભરમાં ચોરી કર્યાની કબૂલાત

## જુના મોડલના SBI -BOB ના એટીએમમાં સાયરનની સિસ્ટમ ન હોવાથી સોફ્ટ ટાર્ગેટ કરતાં

રાજકોટ:શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઇમ) બી.બી.બસીયા દ્વારા મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, લુંટ વિગેરે અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા માટેની આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ ડી.પી.ઝાલા અને એસ.એમ.રાણાની ટીમ અલગ અલગ ગુનાના આરોપીઓને પકડવા હ્યુમન તથા ટેક્નીકલ સોર્સીસનો ઉપયોગ કરી આરોપીઓ શોધી કાઢવા સતત પ્રયત્નશીલ હતા.તે દરમિયાન એએસઆઈ વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ અલગોતર, નિકુંજભાઈ મારવીયા અને સંજયભાઈ ખાખરીયાને મળેલ બાતમીના આધારે એટીએમ સાથે છેડછાડ કરી પૈસાની ચોરી કરી નાસી છૂટતાં ત્રણ શખ્સોને પુજારા પ્લોટ કાંતા વિકાસ ગ્રુહ પાછળની શેરીમાંથી પકડી પાડી રોકડા રૂ.૧.૧૨ લાખ, કાર, મોબાઈલ, એલ્યુમીનીયમની પટ્ટીઓ, ફાયબરની રિંગ બ્લેન્ડર ફાઈલ, બેંક ઓફ બરોડાનું એ.ટી.એમ. કાર્ડ મળી કુલ રૂ.૪.૪૫ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓમાં અફસારઅહમદ રિયાસતઅલી (ઉ.વ.૨૩), અરબાઝ ફૈયાઝઅહમદ (ઉ.વ.૨૭) અને સાહિદખાન મોહમદસલીમ (ઉ.વ.૨૬),( રહે. ત્રણેય પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) નો સમાવેશ થાય છે. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, એસબીઆઈ અને બેંક ઓફ બરોડાના એટીએમ મશીન હાલ જૂની સિસ્ટમથી ચાલતા હોવાથી તેમાં છેડછાડ કરવાથી સાયરન વાગતા નથી. જેથી બેન્કોને ગુનાહિત પ્રવૃત્તિ અંગે જાણ થતી ન હોવાથી આરોપીઓ આ બંને બેંકના જ એટીએમ મશીનને સોફ્ટ ટાર્ગેટ કરતા હતા.

આરોપીઓ બેંકમાં રજાના દિવસે અથવા બેંક બંધ હોય તે સમયે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા તથા બેંક ઓફ બરોડાના એટીએમની રેકી કરી તેમાં કોઈ માણસ હાજર ના હોય તે સમયે એટીમએમ મશીનના ડિસ્પેન્સર બોક્ષમાં એલ્યુમીનીયમની પટ્ટી ફીટ કરી બહાર જતા



રહેતા.ત્યારબાદ કોઈ વ્યક્તિ પૈસા ઉપાડવા આવે અને પૈસા ઉપાડવાની સંપુર્ણ પ્રોસેસ પુર્ણ કર્યા બાદ પૈસા બહાર ન આવતા વ્યક્તિ બહાર નીકળી જતા બાદ આરોપીઓ એટીએમની અંદર પ્રવેશ કરી ડિસ્પેન્સર બોક્ષમાં પોતે અગાઉથી રાખેલ એલ્યુમીનીયમની પટ્ટી હટાવી તેમાં ફસાયેલ પૈસા ચોરી કરવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે.પકડાયેલ શખ્સોએ અગાઉ ત્રણ મહિના પહેલા સુરત સચિન ચેંઢઝ વિસ્તારમાંથી બેંક ઓફ બરોડાના એટીએમમાંથી રૂ. ૭ હજાર કાઢી લીધેલ, બે મહિના પહેલા અમદાવાદ નારોલ વિસ્તારમાં બેંક ઓફ બરોડાના એટીએમમાંથી રૂ.૨૦ હજાર કાઢી લીધેલ, બે મહિના પહેલા છત્રાલ બાયપાસ વિસ્તારમાં બેંક ઓફ બરોડાના એટીએમમાંથી રૂ.૪૦ હજાર કાઢી લીધેલ, બે મહિના પહેલા સરખેજ વિસ્તાર બેંક ઓફ બરોડાના એટીએમમાંથી રૂ.૧૦ હજાર, બે મહિના પહેલા સુરત શહેર સચિન GIDC વિસ્તારમાં બેંક ઓફ બરોડાના એટીએમમાંથી રૂ.૪૫ હજાર, બે મહિના પહેલા સુરત પ્રાણી સંગ્રાહલય વિસ્તાર બેંક ઓફ બરોડા અને એસબીઆઈના એટીએમમાંથી રૂ.૧૯ હજાર કાઢી લીધેલની કબૂલાત આપેલ હતી.

તેમજ બે મહિના પહેલા સુરત શહેર ઉધન વિસ્તારમાં બેંક ઓફ બરોડા અને એસબીઆઈના એટીએમમાંથી રૂ.૨૩ હજાર, બે મહિના પહેલા મુંબઈ ઈસ્ટ વિસ્તારમાં બેંક ઓફ બરોડા અને એસબીઆઈના એટીએમમાંથી રૂ.૨૦ હજાર, ૨૫ દિવસ પહેલા અમદાવાદ નારોલ, સરખેજ, છત્રાલ તથા રીગ રોડ બાયપાસના વિસ્તારના બેંક ઓફ બરોડા અને એસબીઆઈના એટીએમમાંથી રૂ.૧ લાખ, મહેસાણામાં રેલ્વે સ્ટેશન પાસેના બેંક ઓફ બરોડાના એ.ટી.એમ. તથા બીજુ ત્યાંથી આશરે બે કિલો મીટર દુરના વિસ્તારમાં બેંક ઓફ બરોડા અને એસબીઆઈના એટીએમમાંથી રૂ.૨૫ હજાર અમદાવાદ નારોલ, સરખેજ,છત્રાલ તથા રીંગ રોડ બાયપાસના વિસ્તારના બેંક ઓફ બરોડા અને એસબીઆઈના એટીએમમાંથી ૭૦ હજાર, દસ દિવસ પહેલા અમદાવાદ નારોલ વિસ્તાર, સરખેજ વિસ્તાર,છત્રાલ વિસ્તાર તથા રીગ રોડ બાયપાસના વિસ્તારના એટીએમમાંથી રૂ.૫૦ હજાર, સુરતના અડાજણ પાટીયા વિસ્તારમાં બે અલગ-અલગ એટીએમમાંથી રૂ.૮૦ હજાર અને દસેક દિવસ પહેલા રાજકોટના ત્રિકોણ બાગ પાસે એસબીઆઈ બેંકના એટીએમમાંથી રૂ.૨૦ હજાર લીધેલની કબુલાત આપેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# આંદોલન અહિંસક હોવા જરૂરી છે?

દિલ્હીના જંતર મંતર પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શને ફરી એક વાર દેશના લોકશાહી માળખા, નાગરિક અધિકારો અને ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા અંગે ચર્ચા જગાવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી અને મતદાર યાદીઓમાં થયેલા ફેરફારો અંગેની ચિંતાઓને લઈને વિવિધ રાજકીય પક્ષો, વિદ્યાર્થી સંગઠનો અને કાર્યકરો વિરોધ કરી રહ્યા છે. બીજી તરફ, દિલ્હી પોલીસે જાહેર વ્યવસ્થા અને સુરક્ષાનાં કારણોસર પ્રદર્શન માટેની મંજૂરી નકારી છે અને રાજધાનીમાં સુરક્ષા વધારી છે. આ પરિસ્થિતિએ એક મહત્ત્વનો પ્રશ્ન ઊભો કર્યો છે. લોકશાહીમાં મતભેદોનો ઉકેલ અથડામણથી આવશે કે સંવાદથી?

પરંતુ જે લોકો તોફાન કરે છે આંદોલનો કરે છે તેને મતભેદ ઉકેલવામાં જરાય રસ નથી તેને તો અવ્યવસ્થા ઊભી કરવી છે જાહેર જનતાને હેરાનગતિ થાય તે રીતે હિંસા કરવી છે તો આ વાત જરાય વ્યાજબી નથી આવા આંદોલનોને મંજૂરી ન મળે તે સ્વાભાવિક છે આના પર કડક પગલાં પણ સરકાર લઈ શકે છે અને લેવા જોઈએ.ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. આ ગૌરવ માત્ર ચૂંટણી યોજવાથી જળવાતું નથી. લોકશાહીનું સાચું મૂલ્ય ત્યારે દેખાય છે, જ્યારે નાગરિકો પોતાના પ્રશ્નો ઉઠાવી શકે, સત્તાધીશોને જવાબદાર ઠેરવી શકે અને સંસ્થાઓ પર વિશ્વાસ રાખી શકે. સાથે જ, કાયદાનું પાલન, જાહેર શાંતિ અને અન્ય નાગરિકોના અધિકારોનું રક્ષણ પણ એટલું જ જરૂરી છે. જંતર મંતરની વર્તમાન પરિસ્થિતિને આ બંને પાસાંથી જોવાની જરૂર છે.

તાજેતરના વિરોધનું એક મુખ્ય કારણ મતદાર યાદીઓના વિશેષ સઘન પુનરીક્ષણની પ્રક્રિયા છે. વિરોધ કરનારાઓને આશંકા છે કે આ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં લોકોનાં નામ દૂર થવાથી મતદાનના અધિકારને નુકસાન પહોંચી શકે છે. કેટલાક રાજકીય પક્ષોએ આ પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે પણ સવાલો ઉઠાવ્યા છે. બીજી તરફ, ચૂંટણી તંત્રનું કહેવું છે કે મતદાર યાદીઓની ચકાસણી જરૂરી છે અને નામ ભૂલથી દૂર થયા હોય તો યોગ્ય પ્રક્રિયા દ્વારા ફરી નોંધણી કરાવી શકાય છે. તેથી આ વિવાદમાં આરોપો અને જવાબો કરતાં વધુ મહત્ત્વનું છે કે હકીકતોની સ્પષ્ટતા થાય.મતદાર યાદી એ લોકશાહીનો પાયો છે. મતદારનું નામ યાદીમાં હોવું માત્ર કાગળ પરની નોંધ નથી, પરંતુ દેશના શાસનમાં ભાગ લેવાનો તેનો અધિકાર છે. કોઈ પણ લાયક નાગરિક માત્ર વહીવટી ભૂલને કારણે મતદાનથી વંચિત ન રહે તેની ખાતરી કરવી જરૂરી છે. સાથે જ, મતદાર યાદીઓ ચોક્કસ અને અદ્યતન રહે તે પણ એટલું જ મહત્ત્વનું છે. આ બંને હેતુઓ વચ્ચે સંતુલન જાળવવું ચૂંટણી તંત્રની જવાબદારી છે.આ માટે સૌથી સારો માર્ગ પારદર્શક પ્રક્રિયા છે. કેટલાં નામ દૂર થયાં, કયા કારણોસર દૂર થયાં, કેટલાં નામ સામે વાંધા નોંધાયા અને કેટલી ફરિયાદોનો ઉકેલ આવ્યો, તેની સ્પષ્ટ માહિતી જાહેર થવી જોઈએ. નાગરિકોને પોતાની નોંધણી તપાસવાની સરળ સુવિધા મળવી જોઈએ. જેમનાં નામ દૂર થયાં હોય તેમને સમયસર જાણ કરવામાં આવે અને ભૂલ સુધારવા માટે સરળ વ્યવસ્થા ઊભી કરવામાં આવે. આવી વ્યવસ્થાથી અફવાઓને બદલે હકીકતોને સ્થાન મળશે અને લોકોનો વિશ્વાસ મજબૂત બનશે.જંતર મંતર પરના વિરોધ પ્રદર્શનમાં યુવાનોની ભાગીદારી પણ ધ્યાન ખેંચે છે. આંદોલનમાં એવા પણ લોકો છે કે જેને પ્રજાના પ્રશ્નોમાં બિલકુલ રસ નથી તેઓ માત્ર અશાંતિ અને અસ્થિર ઊભી કરવા માટે જ આંદોલનમાં જોડાય છે વિદ્યાર્થીને નામે શરૂ થયેલા આંદોલનો હાઇજેક થઈ જાય છે અને તેનો દોર અસામાજિક તત્વો અને રાષ્ટ્રવિરોધીઓ લઈ લે છે આવું થાય ત્યારે તેની સામે પગલાં ભરાય તે બરાબર છે. યુવાનો દેશનું ભવિષ્ય છે. તેઓ જ્યારે જાહેર જીવનના પ્રશ્નો અંગે જાગૃત બને છે, ત્યારે તેને લોકશાહી માટે સકારાત્મક સંકેત તરીકે જોવો જોઈએ.

# રામુ અને તેના મોટાભાઈ

**ટૂંકા ગાળામાં લગ્નવિચ્છેદ પામેલા નાનાભાઈને પુનર્લગ્નમાં રસ નહોતો અને પોતે એક કંપનીમાં મેનેજર હોવાથી તેને મળેલા ક્વાર્ટરમાં એકલતા સાલતી, છેવટે નિવૃત્ત થયેલા મોટાભાઈએ તેને સધિયારો આપીને ઉમંગ ઉત્સાહ વધારી દીધાં ત્યારે બંને રામ લક્ષ્મણની જોડી તરીકે ઓળખાવા લાગ્યા.**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

એ વાતને તો વરસો વીતી ગયા. રામુનું લગ્નજીવન નભ્યું નહીં. થોડાંક મહિનામાં જ લગ્નવિચ્છેદ થઈ ગયેલો. સદભાગ્યે સંતાન કાંઈ હતું નહીં. ત્યારે તેના પિતાએ એને વિશ્વાસપૂર્વક કહ્યું હતું કે, "બેટા ! તું ભણેલો છે, સમાજમાં આપણી ઓળખાણ પિછાણ પણ છે તને હું ક્યાંક સારી જગ્યાએ ફરી વખત પરણાવી દઈશ અને જો તું રાજી થાય તો હજી કાચીકુંવારી છોકરી પણ મળી શકે એમ છે."

પણ આ બેમાંથી એકેય વેણ સાચું ઠરે એ પહેલાં જ તેના પિતા જતા રહ્યા અને આમેય રામુને પુનર્લગ્નમાં રસ નહોતો. માતા-પિતાની ગેરહાજરીમાં ભાઈભાભીના આશ્રયે ઘરમાં ચેન પડે એ માટે સ્વતંત્ર આવક ઊભી કરવા એ ભારે જહેમત ઉઠાવતો હતો.

નજીકના શહેરમાં એક કંપનીનો નવો પ્લાન્ટ શરૂ થયેલો તેમાં તેને મજાની નોકરી મળી ગયેલી. પછી તો ભાઈભાભીની દુનિયા જુદી થઈ ગઈ. રામુને તેનો કંઈ જ હરખશોક નહોતો. કંપનીના કામ સાથે તેનો જીવ મળી ગયો હતો અને કંપનીના ભાગીદારોને પણ રામુ સાથે પહેલેથી મનમેળ હતો એટલે બંને પક્ષે ઠીકઠીક નિકટતા જળવાઈ રહેલી.

કંપનીના આ નવા પ્લાન્ટમાં આવ્યા પછી થોડોક સમય તો તેને સારું લાગેલું પણ કંપનીની કોલોનીના ક્વાર્ટરમાં રહેઠાણની જે વ્યવસ્થા હતી તે એકલવાયું લાગે તેવી હતી. કંપની તરફથી ગાડી અને ડ્રાઈવર પણ હતા. પણ આમ છતાં આસપાસ હળવામળવા માટે કે કોઈને ઘરે આવવા-જવા માટે કોઈ અવકાશ નહોતો. આવી અવસ્થામાં થોડોક સમય વીતી ગયા પછી એને ઘર સાંભર્યું. આ ઘરમાં હવે માતા-પિતા તો હતાં નહીં.



ભાઈ-ભાભી અને ભાઈ-ભાભીનાં સંતાનો તેને યાદ આવતાં અને એથીયે વિશેષ તો માતાપિતા યાદ આવતા. ભાઈ હવે નિવૃત્ત થઈ ગયા હતા. અને એથીયે વિશેષ તો એ હતું કે પાંસઠેક વર્ષના મોટાભાઈને નિવૃત્ત થયાને પાંચ-સાત વર્ષ થયા હતા પણ શરીરે હજુ હૃષ્ટપુષ્ટ અને કડેધડે હતા.વ્યવસાયમાંથી સમય મળે ત્યારે નવરાશના વખતે રામુ મોટાભાઈ પાસે જતો અને એમની સાથે વાતો કરતો, અવનવું જાણતો અને નવાનવા અનુભવોમાંથી કંઈને કંઈ શીખતો. પરિવારમાં આ બંને જણાની દોસ્તી કહો તો દોસ્તી અને પારિવારિક સંબંધ કહો તો પારિવારિક સંબંધ, સારી રીતે જળવાયેલો રહેતો.

કંપનીમાં કામ વધી ગયું હોવાથી રામુ લાંબા સમયથી ભાઈને મળવા જઈ શક્યો નહીં.

ઓફિસ દરમિયાન રામુને સંદેશો મળ્યો કે મોટાભાઈ એક અઠવાડિયું તેની સાથે કંપનીની કોલોનીના ક્વાર્ટરે રહેવા આવવાના છે. આ સંદેશો વાંચતાવેંત રામુ રાજીના રેડ થઈ ગયો. હવે લાંબા સમય પછી મોટાભાઈ મળશે. એક અઠવાડિયું પોતાના ક્વાર્ટરે રોકાશે. ઢગલાબંધ વાતો થઈ શકશે. ભાઈના આગમનની તૈયારી માટે જે કંઈ જરૂરી હતું તે બધું તેણે ઝડપભેર ગોઠવવા માંડ્યું એટલું જ નહીં ભાઈને ટેલિફોન કરીને એણે પોતાનો ઉત્સાહ ઠાલવી દીધો હતો. મોટાભાઈ પણ રામુને મળશે, તેની સાથે વાતો થશે અને એકલવાયા નાનાભાઈને કંઈક સારું લાગશે, તેવા વિચારથી રાજી થયા હતા.

શહેરના રેલવે સ્ટેશને મોટાભાઈ ઊતર્યા કે તરત જ રામુએ તેમનો કબજો લઈ લીધો. ઓફિસના અને પ્લાન્ટના બીજા જરૂરી કર્મચારીઓ રામુની મદદે હાજર જ હતા. મેનેજર તરીકે રામુને આખો દિવસ કંપનીમાં રહેવાની જરૂર નહોતી, તેથી આજે પોતે અર્ધી રજા મૂકીને મોટાભાઈની સાથે ને સાથે જ રહ્યો. ભાઈની તહેનાત માટે જ તે રોકાઈ ગયો હતો.

બીજા દિવસે મોટાભાઈએ જયારે જાણ્યું કે આ ક્વાર્ટરથી કંપની પચ્ચીસેક કિલોમિટર દૂર છે ત્યારે તેમણે કહ્યું પણ ખરું "રામુ પચ્ચીસ કિલોમિટર એટલે અડધો પોણો કલાક થાય આવતાં જતાં. આટલો બધો સમય વેડફવા કરતાં હું પણ તારી સાથે જ કંપનીમાં આવું છું. તું ઑફિસમાં કામ કરજે અને હું તને મેનેજર તરીકે જોતો રહી ત્યાં બેસીશ."

રામુ પાસે તેનો જવાબ નહોતો. એ થોડુંક હસ્યો અને પછી બોલ્યો, " હું નાનો હતો ત્યારે જિદ કરીને તમારી સાથે ઑફિસે આવતો. "

" હા, બસ એમ જ. આખું અઠવાડિયું હું પણ તારી સાથે આખો દિવસ ઑફિસે રહીશ અને સાંજે ઘરે આવીને ધરાઈ ધરાઈને વાતો કરીશું."

વર્ષો પછી બંને ભાઈઓ સમીપપણાનો અનુભવ કરી રહ્યા છે. રામુનું ક્વાર્ટર ઘર બની ગયું. રામુને આ ક્વાર્ટરમાં સાલતી હતી એ એકલતા વત્સલ મોટાભાઈના આવવાથી જાણે જોજનો દૂર જતી રહી.

મોટાભાઈના સંતાનો ઘરેબારે થઈ ગયા હોવાથી તેમને પણ હવે પરિવારની કોઈ જવાબદારી કે ચિંતા નહોતી. મોટાભાઈ એક જાણીતી પેઢીના હિસાબનીશ તરીકે નિવૃત્ત થયેલા હોવાથી તેમણે રામુની કંપનીમાં પોતાની આવડત અને કૌશલ્યનો ઉપયોગ કરીને માનદ સેવા શરૂ કરી દીધી. બન્ને ભાઈઓની પ્રતિભા કંપનીને ઉપયોગી બની. એક અઠવાડિયા માટે રામુની સાથે રહેવા આવેલા મોટાભાઈ અહીં સ્થાયી થઈ ગયા, જેથી રામુને સધિયારો મળી ગયો અને કંપનીને અનુભવીની સેવા મળી. કંપનીમાં ભોજન માટેની કેન્ટીને બપોરનું જમવાનું થતું અને કોલોનીમાં ગેસ્ટહાઉસે સવારનો નાસ્તો અને સાંજનું ભોજન બન્ને ભાઈઓ સાથે લેતા. તેથી ક્વાર્ટરે તો કલાકોના સહવાસમાં બન્ને ભાઈઓ માબાપની હયાતીમાં જે રીતે ઘરપણુ માણેલું તેમ હળવાશથી દિવસો ગુજારવા લાગ્યા. રામુના ઉમંગ ઉત્સાહ આસમાને પહોંચી ગયા. હવે તો આ કોલોનીમાં પણ આ બન્ને રામ લક્ષ્મણની જોડી તરીકે ઓળખાવા લાગ્યા.

# મનમાં અપેક્ષાઓ વધે, તો ખુશીઓ ન ટકે



